SSU/માન્યતા/43/1/11

29/7/11

પ્રતિશ્રી,
ડાયરેક્ટરશ્રી,
એકલવ્ય સંસ્કૃત એકેડમી,
કોર હાઉસ,સી.જી.રોડ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ

વિષય :– ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ અભ્યાસક્રમ માટેના અભ્યાસકેન્દ્રની (સ્વનિર્ભર ધોરણે )માન્યતા આપવા અંગે.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપશ્રીએ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટે અભ્યાસકેન્દ્રની માન્યતા મેળવવા અરજી કરેલ તેને ધ્યાને લઈ તેમજ યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિના અભિપ્રાયને ધ્યાને લઈ આપની સંસ્થાને ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટેની એક વર્ષ (વર્ષ –૨૦૧૧–૧૨) માટે **સ્વનિર્ભર ધોરણે માન્યતા** આપવામાં આવે છે. તો આપની સંસ્થાએ યુનિવર્સિટીનાં વખતો વખતનાં તમામ નિતિનિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આપની સંસ્થાને ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી નીચે મુજબની શરતોએ આપવામાં આવે છે .

(૧) આપને યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરેલ ફી લઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. અન્યથા કોઈ ફી લેવાની રહેશે નહી.તેમજ વિદ્યાર્થીઓ પાસેથી જમા થયેલ ફીની રકમમાંથી તમામ શૈક્ષણિક અને વહીવટી આયોજન કરવાનું રહેશે. આ માટે યુનિવર્સિટી દ્વારા કોઈ પણ રકમ ચૂકવવામાં આવશે નહી.

(૨) યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમ સંપૂર્ણપણે લાયકાત ધરાવતા અધ્યાપકશ્રીઓ પાસે પૂર્ણ કરાવવાનો રહેશે. આ અધ્યાપકશ્રીઓ/માર્ગદર્શકશ્રીઓ મુલાકાતી અધ્યાપક તરીકે કામગીરી કરશે. તેમજ વિદ્યાર્થીની હાજરી, શૈક્ષણિક કાર્યની વિગતો તેમજ અન્ય રેકર્ડ યુનિવર્સિટીની સુચના મુજબ મોકલવાનો રહેશે.

(૩) સંસ્થાએ વિદ્યાર્થી દીઠ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ પરીક્ષા ફી અને ગુણપત્રક ફી યુનિવર્સિટીને જમા કરાવવાની રહેશે.

(૪) મુલાકાતી અધ્યાપકશ્રીઓને યુનિવર્સિટીએ નિયત કરેલ માનદપુરસ્કાર ચૂકવવાનો રહેશે તથા તેની વિગત યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૫) આ માન્યતા એક વર્ષ માટેની જ આપવામાં આવે છે. જે ચાલુ અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી આગામી વર્ષ માટે પુનઃ મંજૂરી મેળવવાની રહેશે.

(૬) અભ્યાસક્રમ સંબંધિત તમામ હિસાબો યુનિવર્સિટીને મોકલવાના રહેશે.

(૭) વિદ્યાર્થીની ફી લેતી વખતે યુનિવર્સિટીના ફોર્મેટમાં જ ફીની પહોંચ આપવાની રહેશે. જે આ સાથે સામેલ છે.

(૮) કોઈ પણ પ્રકારની વિસંગતતાની પરિસ્થિતીમાં યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) યુનિવર્સિટીના વખતોવખતના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યુનિવર્સિટી દ્વારા પરીક્ષાનું આયોજન જે કેન્દ્ર પર થાય તે કેન્દ્ર પર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાની રહેશે.

આપ આ મંજૂરી પત્ર મળ્યેથી પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી શકશો. અને ઉપરોકત શરતો મંજૂર છે તે અંગેનો પત્ર વળતી ટપાલે મોકલી આપશો.

(ડો.દશરથ જાદવ)
કા. કુલસચિવ